ખૂરશીના 'કોડ'માં ખોટે હવાડે ચઢી ગયાં,
કાયદો હાથમાં લઇને, રવાડે ચઢી ગયાં!
થાય જેલ-જનમટીપ તો કોઇને હદ પારી -
કોઇની મહત્ત્વાકાંક્ષામાં ભવાડે ચઢી ગયાં!
(ગોધરાકાંડ ચૂકાદા)

હવે કરશે,
- શતાયુ કસાબજી!
દયા અરજી!
(પોપાંબાઇનો દેશ)

ભાંગ્યો વિશ્વાસ?
ભાડૂતી ભીડ પરનો -
કરે કોન્ફોરન્સ!!
(દેવગણ ટેકે!?)

ચિંતન

મુદં વિષાદઃ શરદં હિમાગમસ્તમો વિવસ્વાન્સુકૃતં કૃતઘ્નતા ।
પ્રિયોપપત્તિઃ શુચમાપદં નયઃ, શ્રિયઃ સમૃધ્ધા અપિ હન્તિ દુર્નયઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

● જયારે વિષાદ-દુઃખ-કલહ-કંકાસ આવે છે ત્યારે માણસના આનંદ અને હર્ષનો નાશ થાય છે.

● ઠંડી, ટાઢ કે શરદઋતુની શરૂઆત થાય એટલે તાપ-ગરમી-ઉકળાટનો અંત આવે છે.

● સૂર્યના ઉદય સાથે જ અંધકારનો નાશ થાય છે

● કૃતઘ્નતા, વૈરભાવ, અપકાર કરવાથી માણસના પોતાનાં જ પુણ્યો-સત્કાર્યોનો નાશ પામે છે.

● જયારે માણસને પોતાનું સ્નેહીજન-પ્રેમી મળી જાય છે, ત્યારે માણસના શોકનો નાશ થાય છે.

● માણસ નીતિમાન રહે, કર્તવ્યનિષ્ઠ, સાંચુ જીવન જીવે તો તેના જીવનમાં આવનાર આપત્તિઓ-મુશ્કેલીઓ-વિઘ્નો દૂર થાય છે.

● અનીતિમય, દુરાચારી, પાપી-જીવનથી જીવનમાં એકત્ર કરેલ કીર્તિ-સુલક્ષ્મી અને પ્રતિષ્ઠાનો નાશ કરે છે.

સુવિચાર

● કઠિન અને કપરૂં કામ પણ જો મનથી કરવામાં આવે તો સરળ બની જાય છે **- થોમસ ફૂલર**

● દરેક વ્યક્તિ પોતાનો ભાગ્યવિધાતા છે **- સેલેસ્ટ**

● જે માનવી સત્તા, સંપત્તિ અને અહંકારનો મોહ જાતે જ છોડી દે છે તે મહાપુરૂષ છે- **ટાગોર**

● ખૂશામદ કરવાનું ઘણા ખરા જાણે છે, પણ પ્રશંસા કરતાં બહુ ઓછાને આવડે છે **- વેન્ડેલ ફિલિપ્સ**

● શત્રુ કરતાં પણ મિત્રને ક્ષમા આપવાનું કામ ખૂબ કઠિન છે **- ડોરોથી**

● જયારે બે અંત વિહીન ઝગડતા હોય છે ત્યારે બંને ખોટા હોય છે **- ચાશીગો**

● જે માનવી કંઇક શીખવા જ માગતો હોય તો દરેક ભૂલ તેની ઉત્તમ શિક્ષક છે **- ચાર્લ્સ ડિક્સ**

બોધ કથા

સુખ કે દુઃખ એક પરિસ્થિતિ છે મન એને કઇ રીતે, કઇ દૃષ્ટિથી સ્વીકારે છે તે સુખ અને દુઃખનું નિર્ણાયક બને છે. ગામડામાં ભરબપોરે લીંમડાની ઠંડકમાં ઘસઘસાટ ઊંઘતા મજૂરનું સુખ, અને વેપારી જેને એસીમાં પણ લેણાની ચિંતામાં પરસેવે રેબઝેબ-દુઃખી હોય છે. મારે મને-મારા માટે સુખની અનુભૂતિ બીજાની દૃષ્ટિએ તે દુઃખ દેખાતું હોય તે શક્ય છે :

ફ્રાન્સના મહાન નવલકાર બાલ્ઝાક એક નાની સાદી ઓરડીમાં રહેતા હતા, શ્વાસના રોગથી પીડાતા હતા. ખાસ આવક નહીં ગરીબીમાં જ રહેતા હતા છતાં કોઇને કંઇ જ ફરિયાદ ન કરતા બે-ત્રણ કોફી પી લેતાં અને પોતાના નવલકથાના લેખનની મસ્તીમાં નિજાનંદ મસ્તીમાં રહેતા. શાંત-એકાંતમાં તેની નવલકથાના પાત્રો જ તેનાં સાથીદાર-મિત્રો હતા. ખાવા-પીવાનું યાદ આવે ત્યારે ખાઇ લેતો.

એકવાર તેના એક-બે મિત્રો તેમને (બાલ્ઝાકને) મળવા આવ્યા અને સાચી સલાહ આપતાં કહ્યું, 'મિત્ર તું આખો દિવસ 'નવલ' લખ લખ કરે છે છતાં આવક તો કંઇ થતી નથી. ભૂખે મરે છે એનાં કરતાં કયાંક પત્રકારની નોકરી શોધી લે અને આવક થશે તો ખાધે-પીધે તો સુખી થઇશ!'

બાલ્ઝાક સ્મિત સાથે જવાબ આપ્યો. મિત્રો મને મારા લેખન કાર્યમાં એટલો બધો આનંદ આવે છે. હું દુઃખી છું એવો તો મને કદીય અનુભવ જ થયો નથી. અરે! લેખનપ્રવૃત્તિમાં જ મારું સુખ છે. તમને જે ખોટી મજૂરી લાગે છે તે મારે માટે લેખન એ સુખનું ઝરણું છે.

આજની જરૂરીયાત : ઇન્ટરનેટ

પ્રત્યેક યુગમાં સંદેશાવ્યવહાર (Communication) નાં નવાં નવાં સાધનો શોધાતાં રહ્યાં છે. શરૂઆતમાં પ્રેસ પછી રેડિયો, ટેલિવિઝન અને સિનેમા. ધીરે ધીરે નવા શોધાતાં ગયેલા માધ્યમોની અસરકારકતા વધતી ચાલી. ૧૯૯૦માં સેટેલાઇટ ટેલિવિઝન યુગ આવ્યો. જેને લઇને અનેક નવી ચેનલો અસ્તિત્વમાં આવી. અને હવે છેલ્લે ૨૧મી સદીમાં ઇન્ટરનેટ શોધાયું.

આ ઇન્ટરનેટ શું છે?

આ પ્રશ્નનો ઉત્તર દરેક વપરાશકાર પોતાની જરૂરીયાત પ્રમાણે આપશે. કેટલાંક લોકો તેનો મનોરંજન માટે ઉપયોગ કરે છે તો કેટલાંક સંશોધનના સાધન તરીકે તો કેટલાંક વળી પૈસા કરવાના સાધન તરીકે વાપરે છે. સૌથી સરળ જવાબ એ છે કે નેટવર્ક છે. જેની રચના કરોળીયાના જાળા જેવી છે. જેના વડે કોઇ પણ વિષય પછી વિજ્ઞાપન હોય કે કેળવણી વિશે હોય, સંગીત હોય કે કાયદો હોય, વિશ્વના કોઇ પણ છેડે માહિતીનું આદાન પ્રદાન કરી શકાય છે.

માહિતી
લેખક : અનુપમ ઠાકર

ઇન્ટરનેટ કઇ રીતે શોધાયું?

૧૯૩૬ માં અમેરિકાના ડિફેન્સ ડિપાર્ટમેન્ટમાં પ્રાયોગિક રીતે શોધાયું. એ દિવસોમાં પેકેટ સ્વિચિંગ નેટવર્ક તરીકે શોધાયું. જેમાં ઇ-મેલ તેમજ માહિતીનું આદાનપ્રદાન થયું. આ ટેક્નોલોજીનો ઉપયોગ કરી લશ્કરી સંદેશા વ્યવહાર ચલાવાતો. સને ૧૯૩૯ માં ચાર અમેરિકન યુનિવર્સિટીઓએ જોડાઇને 'પેકેટ સ્વિચિંગ નેટવર્ક' બનાવ્યું. સમય જતાં ૧૯૮૦માં ડેટા પેકેટ્સ મોકલવા માટેના જરૂરી અને સરનામાઓ શોધી શકે તેવી એક પધ્ધતિ 'ધી ઇન્ટનેટ પ્રોટોકોલ' અથવા આઈ.પી.નો વિકાસ કરી વિવિધ કોમ્પ્યુટરોમાં અજમાવવામાં આવી. ૧૯૮૩માં લગભગ ૧૫૬૨ જેટલાં યજમાન કોમ્પ્યુટરોનાં નેટવર્ક રચાયાં. સાથે સાથે ખાનગી નેટવર્કસ પણ અસ્તિત્વમાં આવ્યાં.

જાવા, ફ્રન્ટ પેજ, ઇન્ટરનેટ એક્સ્પ્લોરર કે નેટસ્કેપ નેવીગેટર જેવા સોફ્ટવેરની મદદથી વેબસાઇટ બનેલી હોય છે, ઇન્ટરનેટના ક્ષેત્રમાં વેબ માસ્ટર બનવા માટે સારી તક રહેલી હોય છે, વેબ માસ્ટરને આ માટે સોફ્ટવેર અને વેબ સર્વરનું વિસ્તૃત જ્ઞાન હોવું જરૂરી છે

૧૯૭૯માં યુનિક્સ યુઝર્સ ગ્રુપ નેટવર્ક (usenet) તથા કોમ્પ્યુટર એન્ડ સાયન્સ નેટવર્ક (csnet) સ્થપાયા. વળી યુરોપમાં યુરોપીયન એકેડેમીક રિસર્ચ નેટવર્ક (EARN) તેમજ જોઇન્ટ એકેડેમીક નેટવર્ક (JANET) સ્થપાયાં.

૧૯૮૩ માં અર્પા (ARPA) એ સંચાલન અધિનિયમમાં ફેરફાર કરી 'ટ્રાન્સમિશન કન્ટ્રોલ પ્રોટોકોલ' (T.C.P) બનાવ્યો. પાછળથી ટી.સી.પી.ના આઇ.પી. સાથેનાં નેટવર્ક જોડાણો 'ગેટવેજ' (Gateways) તરીકે ઓળખાયાં.

સમય જતાં જે જુદાં જુદાં નેટવર્ક જોડવામાં આવતાં તે 'ઇન્ટરનેટ વર્કિંગ' કહેવાયાં જે આગળ જતાં 'ઇન્ટરનેટ વર્કિંગ' તરીકે જગપ્રસિધ્ધ થયાં. આજે આશરે ૪૦.૦૦૦ રજિસ્ટર્ડ કોમ્પ્યુટર નેટવર્ક છે. જે અંદાજે ૫૦,૦૦,૦૦૦ જેટલાં યજમાન કોમ્પ્યુટર્સ ધરાવે છે. આજે WWW (વર્લ્ડ વાઇડ વેબ) એક વધારાની સવલત પુરી પાડે છે. તેણે ઇન્ટરનેટની સેવામાં મહત્ત્વનું સ્થાન જમાવ્યું.અત્યારે અંદાજે ૨,૦૦,૦૦૦ જેટલી વિશ્વ વ્યાપી સાઇટ ધરાવે છે.

ઇન્ટરનેટની ઉપયોગિતા :

(૧) WWW સર્વિસનો ઉપયોગ કરીને સંસ્થા સેવાઓ લોકો સુધી પહોંચાડી શકે છે.

(૨) આંતરરાષ્ટ્રીય બજારમાં જાહેરાતો પહોંચે છે.

(૩) સરકારી કચેરીઓમાં યોજનાઓ લોકોને દર્શાવી શકાય છે.

(૪) સૂચના અને ફરિયાદો મેળવી શકાય છે.

(૫) દસ્તાવેજોની આપલે કરી શકાય છે.

(૬) દુનિયાના લોકો એકબીજાનાં સંપર્કમાં રહી કામ કરી શકે છે.

(૭) Chat થઇ શકે છે.

(૮) E-mail સેવા ઉપલબ્ધ બને છે.

(૯) ચિત્ર, ધ્વની, ગ્રાફિક્સ વગેરેનું આદાન-પ્રદાન થઇ શકે છે.

ભારતમાં હાલમાં મુખ્યત્વે ત્રણ નેટવર્ક છે

(1) Rrnet : Education & Research Network.

(2) Nicnet : National Intormatic Centre Network.

(3) VSNL : Videsh Sanchar Nigam Limited

સામાન્ય નાગરિક માટે આ અંગે લીઝ લાઇનની જરૂરિયાત રહે છે. Vsnl દ્વારા આ માટે 64 KBPS વધુમાં વધુ 30 nodes માટે તેમજ તેનાથી પણ વધારે નોડ્ઝ માટે 2GB KBPS લાઇન ઉપલબ્ધ છે.

WWW વેબસાઇટ એટલે શું?

ઇન્ટરનેટ કોમ્પ્યુટરમાં માહિતીનો સંગ્રહ કરવામાં આવે છે. નાની વેબસાઇટ બનેલી કોપ છે. જેને માહિતી આપતું ઝુંડ કે પૃષ્ઠ સમુહ કહી શકાય. કઇ માહિતી કયાં છે એ સર્ચ એન્જિનની મદદથી શોધી શકાય છે.

જાવા, ફ્રન્ટ પેજ, ઇન્ટરનેટ એક્સ્પ્લોરર કે નેટસ્કેપ નેવીગેટર જેવા સોફ્ટવેરની મદદથી વેબસાઇટ બનેલી હોય છે. ઇન્ટરનેટના ક્ષેત્રમાં વેબ માસ્ટર બનવા માટે સારી તક રહેલી હોય છે. વેબ માસ્ટરને આ માટે સોફ્ટવેર અને વેબ સર્વરનું વિસ્તૃત જ્ઞાન હોવું જરૂરી છે. વેબસાઇટ બનાવવા માટે એકાદ મહિનાનો સમય લાગે છે. ખર્ચ ગ્રાફિક્સની ડિઝાઇનર આ માટે ૫૦,૦૦૦ રૂપિયા સુધી કમાઇ શકે છે. ઇન્ટરનેટ વ્યવસાય અને રોજગારનું પણ ઝળકતું ક્ષેત્ર છે. આજે દુનિયામાં ૫ કરોડથી પણ વધુ લોકો તેની સાથે સંકળાયેલા છે.

"ઇન્ટરનેટ : આજની અનિવાર્યતા" તથા "કોમ્પ્યુટર ઓપરેટર અને પ્રોગ્રામીંગ આસીસ્ટંટ" માંથી સંકલિત

કયા દેશને 'ખાંડનો પ્યાલો' તરીકે ઓળખવામાં આવે છે?

વિષય : વિશ્વની ભૂગોળ

(૧) ગ્રીનીચ રેખા કયાં આવેલી છે?
(અ) ન્યૂયોર્ક પાસે (બ) પેરીસ પાસે
(ક) અલ્હાબાદ પાસે (ડ) લંડન પાસે
(૨) પૃથ્વી પર કંઈ જગ્યાએ રાત્રિ-દિવસ સરખાં હોય છે?
(અ) વિષુવવૃત્ત પર (બ) કર્કવૃત્ત પર (ક) મકરવૃત્ત પર (ડ) ધ્રુવ પર
(૩) વિશ્વના કયા ભાગમાં સૌથી વધુ વરસાદ થાય છે?
(અ) ઢાકા - બાંગ્લાદેશ (બ) તહેરાન - ઈરાન
(ક) ચેરાપુંજી (ડ) કેનબરા - ઑસ્ટ્રેલિયા
(૪) 'વિટી કલ્ચર' એટલે શું?
(અ) દ્રાક્ષની ખેતી (બ) ફૂલોની ખેતી (ક) મસાલાની ખેતી (ડ) ચાની ખેતી
(૫) કયા દેશમાં 'ઑસ્ટર' ની ખેતી થાય છે?
(અ) ચીન (બ) ભારત (ક) જાપાન (ડ) ઉ. ઉમેરિકા
(૬) કયા દેશને 'ખાંડનો પ્યાલો' તરીકે ઓળખવામાં આવે છે?
(અ) ચીન (બ) કયૂબા (ક) ઈન્ડોનેશિયા (ડ) બ્રાઝીલ
(૭) કયા દેશમાં સહકારી ધોરણે ખેતી કરવામાં આવે છે?
(અ) ડેન્માર્ક (બ) નૉર્વે (ક) બેલ્જિયમ (ડ) ઉપરનાં બધાં
(૮) વિશ્વમાં સૌથી વધુ તાંબુ કયાંથી મળી આવે છે?
(અ) ઑસ્ટ્રેલિયા (બ) મલેશિયા
(ક) ચિલી (ડ) ભારત
(૯) એક લીટર સમુદ્રના પાણીમાં સરેરાશ કેટલું મીઠું હોય છે?
(અ) ૫૦ ગ્રામ (બ) ૪૦ ગ્રામ
(ક) ૩૫ ગ્રામ (ડ) ૬૦ ગ્રામ
(૧૦) સ્વિત્ઝરલેન્ડની રાજધાની કઈ છે?
(અ) બર્ન (બ) લિસ્બર્ન (ક) ડબ્લીન (ડ) બર્લિન
(૧૧) કયા દેશનું ચલણી નાણું ડૉલર નથી?
(અ) હોંગકોંગ (બ) કેનેડા (ક) ઑસ્ટ્રેલિયા (ડ) ઈજિપ્ત
(૧૨) દુનિયામાં સૌથી વધુ ગરમી કયાં પડે છે?
(અ) અલ અઝીઝિયા (લિબીયા) (બ) કેરો (ઈજિપ્ત)
(ક) લાહોર (પાકિસ્તાન) (ડ) જેસલમેર (ભારત)
(૧૩) વિશ્વમાં ખજૂરનું સૌથી વધુ ઉત્પાદન કયા દેશમાં થાય છે?
(અ) ઈરાન (બ) ઈરાક (ક) સાઉદી અરેબિયા (ડ) તૂર્કી
(૧૪) કયું પ્રાણી એસ્કીમોનું કામધેનું ગણાય છે?
(અ) રેન્ડિયર (બ) યોર્ક (ક) મેરિનો (ડ) દુમ્બા
(૧૫) 'મજલિસ' કયા દેશની સંસદ છે?
(અ) ઈરાન (બ) કુવૈત (ક) યુગોસ્લાવિયા (ડ) જર્મની

● વિવિધા ●

વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ
નામ, **(ક્ષેત્ર)** અને વિશેષ નોંધ

● ગગન વિહારી મહેતા **(રાજકારણ) : અમેરિકામાં ભારતનાં પૂર્વ રાજદૂત**
● ગણેશ વાસુદેવ માળવંકર **(રાજકારણ) : ભારતની લોકસભાના પ્રથમ અધ્યક્ષ**
● ગિજુભાઇ બધેકા **(શિક્ષણ) : નૂતનબાળ શિક્ષણના આર્ષદૃષ્ટા**
● ગીત શેઠી **(રમત-ગમત) : બિલીયર્ડ તથા સ્નૂકરના આંતરરાષ્ટ્રીય વિજેતા**
● ગુલઝારીલાલ નંદા **(મજૂર ચળવળ) : ગાંધીવાદી મજૂર નેતા અને ભૂતપૂર્વ વડાપ્રધાન**
● ગોકુળદાસ તેજપાલ **(વેપાર) : દાનવીર વેપારી**
● ગોવર્ધન પંચાલ **(કલા) : ગુજરાતમાં સંસ્કૃત નાટ્ય પ્રયોગનાં પ્રવર્તક.**
● ગોવર્ધનરામ ત્રિપાઠી **(સાહિત્ય) : મનીષી સાહિત્ય સર્જક**
● ગોવિંદપ્રસાદ વૈદ્ય **(આયુર્વેદ) : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ**
● ગૌરીશંકર ઓઝા **(શાસન) : મુત્સદી તત્વરી**

● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - મહારાષ્ટ્રના તેજાબી વક્તા અને પ્રખર રાજનેતા રાજ ઠાકરે કઇ પાર્ટીના પ્રમુખ છે?
જવાબ - મહારાષ્ટ્ર નવનિર્માણ સેના

● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મહેશ એમ. જાદવ : ગુ.વિદ્યાપીઠ, સાદરા
(૪) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફોસીટી જુનિ.સાયન્સ કૉલેજ
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : ૫૫૩/૧, સે-૭બી
(૬) પરમાર હેતલ. એસ : સે-૨૮
(૭) શૈલેષ. ઝેડ. પટેલ : સે-૨૦
(૮) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ



● પૂછું એક સવાલ...?

(૧) ધાર્મિક શૈલેષભાઈ પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - તાજેતરમાં યુરોપમાં કયા દેશનો જન્મ થયો?
જવાબ - કોસાવા
(૨) લમ્હા રેખાબેન. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - ગ્લુકોમા રોગ કયા અંગને પ્રભાવિત કરે છે?
જવાબ - આંખને
(૩) નિનાદ ઠક્કર : સે-૪થી
પ્રશ્ન - થર્મોસની શોધ કોણે કરી?
જવાબ - જેમ્સ ડેલર
(૪) દેવાંશી રમેશ : સે-૨૩થી
પ્રશ્ન - ભારતમાં નિર્મિત પ્રથમ કૉમ્પ્યુટર કયું?
જવાબ - સિધ્ધાર્થ
(૫) વત્સલ ઓઝા : સે-૨૭થી
પ્રશ્ન - કુત્રિમ વરસાદ વરસાવવા કયા રસાયણનો ઉપયોગ કરવામાં આવે છે?
જવાબ - સિલ્વર ડાયોકસાઈડ

● આ સપ્તાહનો સવાલ...?

વિજયરાજે સિંધિયા કયા રાજયના મુખ્યમંત્રી હતા?
આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ
ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

(૧) ડ (૨) અ (૩) ક (૪) અ (૫) ક (૬) બ (૭) ડ (૮) ક (૯) ક (૧૦) અ (૧૧) ડ (૧૨) અ (૧૩) ક (૧૪) અ (૧૫) અ

કેટલાંક વાક્યો જે દુનિયાને રસપ્રદ બનાવી નાખે છે...

રેલ્વેની મુસાફરી ખુબ મજેદાર હોય છે... ટ્રેન ચાલતી જાય અને સ્ટેશન આવતાં જાય... અવનવાં... જાત જાતનાં લોકોથી ભરેલાં... દરેક સ્ટેશનની ખાસીયત પણ હોય... અને એવી જ રીતે... વાચન યાત્રા પણ આવા કેટલાક અનુભવોથી ભરેલી હોય છે... લાંબી નવલકથાની વચ્ચે સ્ટેશન જેવા નાનાં નાનાં વાકયોની મજા અલગ જ હોય છે... કયાંક કોઇ લેખમાં વાંચ્યા હોય યા કયારેક કોઇનાં મોએ સાંભળ્યા હોય... પણ આ વાકયની અસર હેન્ગ ઓવરની જેમ સતત ચાલું રહે છે... તો આ વખતે કોફી હાઉસની ટ્રેન પણ અટકી છે અહીં જ... કેટલાંક લેખકો તરફ પક્ષપાત કર્યો છે... પણ પોતાની જાતને રોકી તો નાં જ શક્યો... એ તમે વાંચશો એટલે સમજાઇ જશે... સો હેપી જર્ની!!!

● મિત્રતા એક મીઠી જવાબદારી છે... કોઇ તક નથી **- ખલિલ જિબ્રાન**

● તમારા દુશ્મનોને માફ કરી દો, તેનાથી મોટી સજા કોઇ નથી **- ઓસ્કાર વાઇલ્ડ**

● પુરૂષનો ચહેરા તેની આત્મકથા છે... જયારે સ્ત્રીનો ચહેરો નવલકથા છે **- ઓસ્કાર વાઇલ્ડ**

● હું એટલો બધો હોંશિયાર શું છે કે, ઘણીવાર હું શું બોલી ગયો તેની જ મને ખબર નથી હોતી **- ઓસ્કાર વાઇલ્ડ**

● પુરૂષ હંમેશા સ્ત્રીનો જ પહેલો પ્રેમ હોવાની અપેક્ષા રાખે છે, અને સ્ત્રી હંમેશા પુરૂષનો છેલ્લો રોમેન્સ (લફરૂં!!) **- ઓસ્કાર વાઇલ્ડ**

● આવનારી પેઢીઓ ગરીબીમાંથી સમાનતા અને દુઃખોમાંથી પ્રેમ શીખસે **- ખલિલ જિબ્રાન**

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

● જે માણસે જિંદગીમાં ભૂલ કરી નથી, તેણે કોઇ નવો પ્રયત્ન કર્યો જ નથી **- આલ્બર્ટ આઇન્સ્ટાઇન**

● જે કિસ કરતી વખતે કોઇ પણ માણસ સરખું ડ્રાઇવ કરતો હોય તો સમજવું કે એણે કિસ પરનું ધ્યાન આપ્યું નથી **- આલ્બર્ટ આઇન્સ્ટાઇન**

● સાચી દિશામાં એકલા હોવા કરતાં, ખોટી દિશામાં સાથે હોવું વધુ સારું **- નાસીમ તાલેબ**

● હીરો એટલે માટે હીરો નથી હોતા કે તેઓ જીતે છે કે, હારે છે પરંતુ તેમનાં વર્તાવમાં જ હિરોઇઝમ હોય છે **- નાસીમ તાલેબ**

● ઓનલાઇન ડેટિંગ સાઇટ્સ એટલા માટે નિષ્ફળ જાય છે કમ કે લોકો જે બતાવે છે એના કરતાં જે છુપાવે છે એમાં જ વધુ રસપ્રદ છે **- નાસીમ તાલેબ**

● કોઇ પણ માણસની ભીંતર વરસમાં એકાદ વાર તો જિનિયસ જાગી જ જાય છે... ખરા જિનિયસ બીજું કંઇ નહિ પણ એ લોકો છે જે સૌથી મેંઘાવી વિચારો ને એક સાથે વ્યક્ત કરી શકે છે **- નાસીમ તાલેબ**

● લગ્ન પહેલા મારી પાસે બાળકો ઉછેરવાની ૬ થીયરીઓ હતા... હવે મારા ૬ બાળકો છે અને એક પણ થીયરી નથી **- જયોર્જ લિચેન્બર્ગ**

● જો ઇતિહાસ કોઇ પાઠ ભણાવતો હોય તો એ છે કે ઇતિહાસના પાઠોમાંથી કોઇ કંઇ શીખતું નથી **- શીખાતુમ**

● શોધક એ માણસ છે જે ભણતર ને ગંભીરતાથી નથી લેતો **- ચાર્લ્સ કેટરિંગ**

● કેટલાંક લોકોને મારી સલાહ એટલી ગમે છે કે તેઓ તેને અનુસરવાના બદલે તેને ફ્રેમ કરીને દિવાલ પર જ લાગવી રાખે છે **- ગોર્ડન ડિક્સન**

● સ્વર્ગમાં હંમેશા મઝેદાર માણસોની કમી રહેવાની **- ફ્રેડરિક નિત્શે**

● જયોરે કુતૂહલ હોય ત્યારે કંઇ કરવા માટે ગણી બધી રસપ્રદ વસ્તુઓ મળી આવે છે **- વોલ્ટ ડિઝની**

● જિંદગી ખુબ જ મઝેદાર છે... કેમ કે અંતમાં તમારી તમામ નબળાઇઓ જ તમારી બની જાય છે **- બેરીમોર**

● હું એટલા માટે પીવું છું... જેથી બીજા લોકો મજેદાર બની જાય **- જોર્જ નેથન**

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩૧મી ઓગષ્ટ



● મોન્ટેસરી પદ્ધતિના જનક ડો. મારિયા મોન્ટેસરીનો જન્મદિન ૩૧-૮-૧૮૭૦.

૧૮૯૬માં ઇટાલીમાં પ્રથમ મહિલા ડોક્ટર બન્યા. 'સોટી વાગે ચમચમ' જેવી શિક્ષણ પદ્ધતિનો, આનંદ શિક્ષણનો પાયો નાંખ્યો. મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિ - મોન્ટેસરી બાળમંદિર તેમની અન્યય ભેટ છે.

● પ્રથમ હિન્દુસ્તાની - બાદમાં મુસલમાન તેવી ઘોષણા કરનારા સૈયદ હુસેન ઇમામનો જન્મ - ૧૮૭૧.

● ટેલિવિઝનના શોધક જહોન બર્ડનો હેલન્સબર્ગ (સ્કોટલેન્ટ) ખાતે જન્મ - ૧૮૮૮.

● ટ્રિનીદાદ ટોબેગો - રાષ્ટ્રનો સ્વાતંત્ર્યદિન ૧૯૬૨.

● ૧૯૧૫માં પોલેન્ડમાં ભાગલા થયા, જર્મની - ઓસ્ટ્રીયા જવાબદાર.